શિર્ષક : મલ્ચીંગ તથા ડ્રીપ પધ્ધતિ દ્વારા ઉચ્ચ ગુણવત્તા તરબૂચ અને ટામેટા નું સારું ઉત્પાદન

ખેડૂતનું નામ : શ્રી મહેન્દ્રભાઈ કરશનભાઈ દેસાઈ ગામ : ઇશ્વરિયા તા.કુતિયાણા જી. પોરબંદર

ભણતર : ૪૮ વર્ષ જમીન : ૩ એકર

શ્રી મહેન્દ્રભાઈ ઇશ્વરિયા ગામના એક ખુબજ પ્રગતીશીલ અને ઉત્સાહી ખેડૂત છે. તેઓશ્રીએ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાપટના પણ સતત સંપર્કમાં રહી તાંત્રિક મદદ તથા માર્ગદર્શન મેળવતા રહેછે. તેઓશ્રીએ પોતાની ૧.૫ વીઘા જમીનમાં તરબૂચ (જાત :- કિરણ) નું મલ્ચીંગ તેમજ ટપક સિચાઈ પદ્ધતિ જેવી આધુનિક પદ્ધતિઓથી વાવેતર કરેલ. જેમાંથી તેઓશ્રીએ ઉચ્ચ ગુણવત્તાવાડા તરબૂચનું ૧૦ ટન જેટલું જંગી ઉત્પાદન મેળવી રૂપિયા ૪૫,૦૦૦/- ની આવક મેળવેલ છે. આ ઉપરાંત તેઓશ્રીએ નેટ હાઉસમાં ૦.૫ વીઘામાં ટામેટા (જાત : લક્ષ્મી)નું પણ વાવેતર મલ્ચીંગ તેમજ ટપક સિચાઈ પધ્ધતિ જેવી આધુનિક પધ્ધતિઓથી વાવેતર કરેલ. જેમાંથી પણ રૂપિયા. ૩૫,૦૦૦/-ની આવક મેળવેલ. આમ, શ્રી મહેન્દ્રભાઈ એ ઈશ્વરીયા ગામના અનિય ખેડૂતોને આવા પાકોમાં મલ્ચીંગ તેમજ ટપક સિચાઈ પધ્ધતિ જેવી આધુનિક પધ્ધતિઓનો ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરેલ છે.



